વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક

વર્ષ : ૧૧ | અંક : ૧૧૨ | પેઈજ : ૧૪

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | ફેબ્રુઆરી : ૨૦૨૩ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા




## Lanchester EP Primary School (U.K) Visit Panchshil School Rajkot.

શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.
ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33
Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

## બાપા કાગડો....
## હા બેટા કાગડો



એક ગામમાં એક વેપારીની કરિયાણાની નાની દુકાન હતી. આ વેપારી આખો દિવસ દુકાનમાં બેસી ચીજ વસ્તુ વેંચે. વેપારનો હિસાબ એક ચોપડામાં લખે. આ વેપારીનો દીકરો નાનો હતો ત્યારે દુકાને આવીને રમે.દુકાનની સામે ઝાડ પર કાગડો બેસીને કા..કા.. કર્યા કરતો નાનો બાળક એના બાપને કહ્યા કરે :

‘બાપા જુઓ આ કાગડો...’ વેપારી ચોપડામાં માથું નાખી કામ કરતા જાય અને દીકરાને જવાબ આપતા જાય :
‘હા બેટા કાગડો....’ આવું વારંવાર થાય એમાં વેપારી ભૂલથી ચોપડામાં લખી નાખે : ‘બાપા જુઓ આ કાગડો...હા બેટા કાગડો....’



વર્ષો પછી વેપારી ઘરડો થઇ ગયો અને દીકરો યુવાન થઇ ગયો એટલે દીકરાએ દુકાન સંભાળી લીધી. ઘરડો બાપ કોઇ વાર દુકાને આવીને બેસે અને દીકરા સાથે વાત કરવા લાગે દીકરાને કામમાં ખલેલ પડે એટલે એ બાપને ધમકાવે અને મુંગા બેસી રહેવા કહે ઘણી વાર તો બાપનું અપમાન પણ કરી લે એક વાર ઘરડા વેપારીએ દુઃખી થઇને દીકીરાને કાંઇક સમજાવવા વિચાર્યુ એણે વર્ષો જુના હિસાબના ચોપડાઓ દીકરા પાસે મૂકી દીધા.
‘બાપા જુઓ આ કાગડો...હા બેટા કાગડો....’
દીકરાને એના બાળપણની વાત યાદ આવી ગઇ કે પોતે સતત રમત કર્યા કરતો અને આવું બોલ્યા કરતો ત્યારે એનો બાપ જરાયે અકળાયા વગર એને જવાબ આપ્યા કરતા એમાં જ એમનાથી ભૂલમાં આવું લખાઇ ગયું હતું.દીકરાને ખુબ જ પસ્તાવો થયો કે એના બાપે જરાયે અકળાયા વગર એને આવા લાડ લડાવ્યા હતા. જયારે પોતે તો ઘરડા થઇ ગયેલા બાપનું અપમાન કરે છે અને એમને વાત જ નથી કરવા દેતો ત્યાર પછી દીકરો બાપનું કયારેય અપમાન ન કરતો અને એમની સાથે વાતો કરીને એમને આનંદમાં રાખતો.

ઘરડા મા બાપનું કયારેય અપમાન ન કરવું એમણે આપણે નાના હતા ત્યારે આપણી બધી જ ધમાલ મસ્તી સહન કરીને આપણને ખુશ રાખ્યા હતા તો જયારે આપણે મોટા થઇ જઇએ અને મા બાપ ઘરડા થઇ જાય ત્યારે એમની સાથે પ્રેમથી વાતો કરીને એમને આનંદમાં રાખવા જોઇએ.


- ભેંસદડીયા કાવ્યા જે., ધો. ૪

## ઝાડવા ઉભાં છે

પાથરી શીળી છાંય, ઝાડવા ઉભા છે !
વાયરા લીલા વાય, ઝાડવા ઉભા છે.
પ્રાણવાયુના વહેતા પહાડ, ઝાડવા, ઉભા છે !
થઇ રણને રોકતી વાડ, ઝાડવા ઉભા છે.
ડાળે ટહુકાનો વરસાદ, ઝાડવા ઉભા છે !
ઊંચા વાદળને દેતા સાદ, ઝાડવા ઉભા છે.
ભલે કુહાડા કાઢે ધાર, ઝાડવા ઉભા છે !
એ તો ઋષિઓના અવતાર, ઝાડવા ઉભા છે.
પાથરી શીળી છાંય, ઝાડવા ઉભા છે !
વાયરા લીલા વાય, ઝાડવા ઉભા છે.

- ઠાકર હિરવા ડી.,ધો.૬.





# વસંતના વધામણા












**સારો સ્વભાવ ગણિતના શૂન્ય જેવો હોય છે જે આંકડા સાથે હોય તેની કિંમત દસ ગણી વધી જાય છે.**

# શેફાલી વર્મા







તાજેતરમાં મહિલા ક્રિકેટ વર્લ્ડકપને ઘરે લઇ આવનાર અન્ડર ૧૯ ભારતીય દીકરીઓને વિશ્વમાંથી ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદર મળ્યા કારણકે પહેલીવાર ૧૯ વર્ષથી નાની દીકરીઓ જેમણે વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડને હરાવી ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે પોતાનાં નામ અંકિત કરાવ્યા. આ ટીમની કપ્તાન શેફાલી વર્મા હરિયાણા રોહતક શહેરની છે અને ભારતની બીજા નંબરની સૌથી નાની ઉંમરની ક્રિકેટ ખેલાડી છે.

આઠ વર્ષની ઉંમરે ક્રિકેટ રમવાનું શરૂ કરનાર શેફાલી માત્ર ૧૫ વર્ષની ઉંમરે ભારત તરફથી ઈન્ટરનેશનલ ક્રિકેટ ટૂનામેન્ટ રમવા લાગી હતી. સૌથી પહેલા તેના પિતાને તેને બેઝિક તાલીમ આપી હતી અને જયારે તે સિકસર લગાવે ત્યારે તેના પિતા તેને પાંચ રૂપિયાનું ઇનામ આપતા અને એટલે જ આજે વિજેતા ટીમને પાંચ કરોડનો ચેક આપવામાં આવ્યો છે. જે સચિન તેંડુલકર શેફાલી માટે પ્રેરણા સ્ત્રોત છે. તેમણે જ શેફાલીને તેમની ટીમના સુપર પરફોર્મન્સ માટે ખૂબ અભિનંદન આપ્યા. શેફાલીને તેના પિતા જયારે છોકરા સાથે ક્રિકેટની પ્રેકિટસ કરાવતા ત્યારે છોકરાઓ બરાબર રમત નહીં, કારણકે તેમને એમ લાગતું કે આ તો છોકરી છે તેને વાગી જશે તો ? પરંતુ શેફાલીને સઘન પ્રેકિટસ માટે છોકરા સાથે જ રમવું હતું એટલે તેના પિતાએ તેના વાળ કપાવીને છોકરા જેવા કરાવી દીધા જેથી કોઇને તે છોકરી લાગે જ નહીં અને બધા તેની સાથે ખરા અર્થમાં ક્રિકેટ રમી શકે અને તેમની દીકરીને સાચા અર્થમાં તાલીમ મળી શકે. જેમ સાનિયા મિર્ઝા, પીટી ઉષા, મેરી કોમ. મિતાલી રાજ, સાયના નેહવાલ અને પીવી સિંધુએ ભારતની દરેક છોકરીને રમતગમતનાં ક્ષેત્રમાં પણ કરિયર બનાવવા માટેના દ્વાર ખોલી આપ્યા તેમ આ શેફાલી માત્ર કપ્તાન તરીકે આપણા દેશને વર્લ્ડ કપ અને ગૌરવ જ નથી અપાવ્યા પરંતુ અનેક છોકરીઓની આંખોમાં કાજલની સાથે સપનાઓ પણ આંજી દીધા છે. શકયતાઓને સફળતા સુધી લઇ જવા માટે આપણે શેફાલી પાસેથી નીચેની ત્રણ બાબતો ચોકકસ શીખી શકીએ,

(૧) કંઇપણ શીખવાની શરૂઆત તમે બાળપણથી કરી જ શકો છો.

(૨) વાલીઓ તમારા સૌથી પહેલા કોચ છે એટલે તેમની વાતને ચોકકસ સાંભળો.

(૩) જે તમારા રોલ મોડેલ છે તેમને માત્ર મળવાનું જ નહીં પરંતુ તેમના જેવું બનવાની અને તેમના જેવી સિદ્ધિ મેળવવાની તલબ હોવી જોઇએ.

આજે હજુ પણ આપણે ત્યાં અનેક ગામડાઓમાં દીકરીઓને શિક્ષણ પણ આપવામાં આવતું નથી ત્યારે વધુ એક દીકરીએ શકયતાઓનો દીપ પ્રગટાવ્યો છે જેના ઉજાસમાં અનેક દીકરીઓ સફળ ભવિષ્ય બનાવી શકશે તેવી આશાઓ જન્મી છે. મહેનતનો કોઇ રંગ નથી હોતો પરંતુ જયારે મહેનત રંગ લાવે ત્યારે દુનિયાએ તેની નોંધ લેવી પડે છે. મહિલા ક્રિકેટ ટીમની દરેક છોકરી અન્ય હજારો છોકરીઓનું પ્રતિનિધિત્વ કરે છે જેમણે હજુ પણ પોતાની દુનિયા બનાવવા માટે સંઘર્ષ કરવો પડે છે. નીરજ ચોપરા એ આવીને ખૂબ અભિનંદ ટીમને આપ્યા અને અનેક મહાનુભાવોએ દરેક દીકરીની રમત અને સફળતાને બિરદાવી છે, કારણ કે આ વર્લ્ડ કપ માત્ર તેમને નથી જીત્યો પરંતુ ભારતની દરેક દીકરી જીત્યો છે એવું કહીશ તો વધુ નહીં લાગે. શેફાલી વર્મા જીત બાદ ઇન્ટરવ્યૂ આપતા સમયે પોતાના ખુશીના આંસુઓને રોકી શકતી નથી કારણકે તેને ખબર છે કે આ માત્ર ક્રિકેટ જગતમાં રમતમાં મળેલ જીત નથી પરંતુ ભારતની દરેક દીકરીને પોતાનું હુન્નર બતાવવા મળશે તેવી શકયતાઓની જીત છે. શેફાલીને જોઇને અનેક મોટા પિતા તેમની દીકરીની આવડત અને રસના વિષયમાં આગળ વધવા દેશે તે વાતની આ ખાતરી છે. ભારતીય મહિલા ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

**શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે. યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.**

# વસંતના વધામણા



CONGRATULATIONS

# વસંતના વધામણા



મારુ તારુ કરનાર લોકો અસ્તિત્વ હારી ગયા, જતુ કરનાર લોકો દુનિયા જીતી ગયા.

CONGRATULATIONS

# વસંતના વધામણા



CONGRATULATIONS

# વસંતના વધામણા



સમય અને ભાગ્ય બંને પરિવર્તનશીલ છે, માટે એના પર ક્યારેય અભિમાન ના કરવું જોઈએ.

# Lanchester EP Primary School (U.K) Visit Panchshil School Rajkot.

## School Activities



ભૂલ તમારો અનુભવ વધારે છે જયારે એક અનુભવ તમારી ભૂલો ઓછી કરે છે.

# Lanchester EP Primary School (U.K) Visit Panchshil School Rajkot.

## School Activities



# વસંતના વધામણા



# વસંતના વધામણા



# વસંતના વધામણા



# વસંતના વધામણા

